ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૫-૨૦૧૫, શનિવાર

તંત્રી સ્થાનેથી....

સત્તા મહત્ત્વની કે વિચારધારા?

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ઉત્તરપ્રદેશના ચૂંટણી પ્રભારી તરીકે નિમાયા ત્યારે સીધા અયોધ્યા પહોંચી જઇ, રામલલાનાં દર્શન કર્યા પછી પોતાની કામગીરી સંભાળી હતી. તે ચૂંટણી ટાણે રામભક્તોને અપાયેલો સીધો સંકેત હતો. નરેન્દ્ર મોદીએ ગોધરાકાંડ પછી સમસ્ત વિશ્વમાં હિંદુત્વના પ્રતીક પુરુષ તરીકેની 'ખ્યાતિ' અર્જિત કરી લીધી હતી. વરિષ્ઠોની બાદબાકી કરીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિશ્વ હિંદુ પરિષદ અને સંત સમાજે એમને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કર્યા ત્યારે દેખીતી રીતે જ હિંદુ મતોના ધ્રુવીકરણની ગણતરી હતી અને એક વાર ભાજપની નેતાગીરી હેઠળ નરેન્દ્ર મોદીની સરકાર રચાશે ત્યારે ખોરંભે પડેલ રામમંદિર નિર્માણનું કામ યુદ્ધના ધોરણે હાથ ધરાશે એવી અપેક્ષા હતી. મોદીએ વડોદરા ઉપરાંત વારાણસી બેઠક પરથી ઉમેદવારી કરી હતી એની પાછળ પણ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને હિંદુત્વનો જ એજન્ડા હતો. તે વખતે મોદીના ભાષણોમાં એક મુદ્દો મનમોહનની યુપીએ સરકાર 'પિંક રિવોલ્યુશન' અર્થાત્ માંસ ઉત્પાદન વધારવા માગતી હોવાનો ચર્ચાતો રહેતો. ગાય અને ગોવંશને હિંદુત્વનો ટોપ પ્રાયોરિટીનો મુદ્દો સમજી શ્રદ્ધાળુ પ્રજાએ કોંગ્રેસ અને એના ટેકેદાર પક્ષોને જાકારો આપ્યો હતો, તે સર્વવિદિત છે. જમ્મુ અને કાશ્મીર માટેની ૩૭૦ની કલમ રદ કરી પંડિતોના પુનર્વસનનો અને સમાન સિવિલ કોડનો મુદ્દો પણ છૂપા એજન્ડા તરીકે જનતા માટે અગ્રતા ધરાવતો હતો. પરંતુ મોદી શાસનના એક વર્ષથી સમાપ્તિ સુધીમાં આ પૈકીના કોઇ પણ મુદ્દે નોંધપાત્ર પ્રગતિ થઇ શકી નથી. પંડિતોને કાશ્મીરમાં વસાવવાના મુદ્દે ભાજપના ટેકાવાળી પીડીપી સરકાર અને ભાજપ વચ્ચે પાયાના મતભેદો પ્રવર્તી રહ્યા છે. ૩૭૦ મુદ્દે તો ભાજપે પારોઠનાં પગલાં ભર્યાં ત્યારે જ પીડીપીએ એનો સહયોગી પક્ષ તરીકે સ્વીકાર કર્યો હતો. ગોવધબંધીને રાજયોનો વિષય ગણી ભાજપ અધ્યક્ષ આ મુદ્દે સાવ કોરા નીકળી જવા માગે છે. ગોવાના મુખ્યમંત્રીએ રાજયમાં ગોવધબંધી કાનૂન લાગુ કરવાની ધરાર ના પાડી દીધી છે તો વળી અરૂણાચલ પ્રદેશના પ્રતિનિધિ અને કેન્દ્રીય મંત્રી રિજીજુએ પોતે જ ગૌમાંસ આરોગતા હોવાનું નિવેદન કરીને સરકાર કોઇને શું ખાવું - શું ન ખાવું એ મુદ્દે દબાણ ન કરી શકે, એવી લોકશાહીની ફિલસૂફી ડહોળે છે. ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષે ગૌવંશબંધી મુદ્દે પાર્ટીની વિચારધારાથી પીછેહઠ કરી છે. ગૌમાંસ નિકાસ મુદ્દે ચૂંટણી ટાણે મલલખ હિંદુ મતો ઓળવી લીધા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે ગાંધીજીની સફાઇ ઝુંબેશ અને જનધન યોજના કે બાર રૂપિયાના પ્રિમિયમ વાળી વીમા સુરક્ષા યોજના તરફ વળી ગયા છે. એમને સુધારેલો જમીન સંપાદન ખરડો પસાર કરી દેવાની ઉતાવળ છે. પણ રામમંદિરનું તેઓ ભૂલથી પણ નામ લેતા નથી. વિદેશી રોકાણો આકર્ષીને તેઓ દેશને આર્થિક મહાસત્તા બનાવી દેવા ઉતાવળા થયા છે. રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ હવે ગોવધબંધી, રામમંદિર કે ૩૭૦ બેઠકો મળે ત્યાર પછી વાત - એવો જવાબ આપવા લાગ્યા છે. શું વડાપ્રધાન અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ માટે વિચારધારા કહેતાં સિદ્ધાંત કરતાં સત્તા જ વધુ મહત્ત્વની છે? વિપક્ષ એવો પ્રશ્ન ઉઠાવે કે ન ઉઠાવે પરંતુ પ્રજા એમની સામે શંકાભરી નજરે જોતી થઇ ગઇ છે, એટલું ચોક્કસ!

ઈગ્નુની વાર્ષિક પરીક્ષાનો પહેલી જૂનથી પ્રારંભ થશે

પરીક્ષા ૨૭મી જૂન સુધી ચાલશે : દેશભરમાં ૮૪૯ કેન્દ્રો ઉપરથી પરીક્ષા લેવાની તૈયારી કરાઈ : વિદ્યાર્થીઓ ઉત્સુક

અમદાવાદ, તા.૨૯

ઈન્દિરાગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષાનો પહેલી જુનથી પ્રારંભ થશે આ પરીક્ષા ૨૭ જુન સુધી ચાલશે તેમજ દેશભરમાં કુલ ૮૪૯ કેન્દ્રો પરથી આ પરીક્ષા લેવામાં આવશે જેમાં ૪,૮૪,૮૩૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પ્રાપ્ત થતી માહીતી મુજબ એકબાજુ સમગ્ર દેશમાં અત્યારે વિવિધ શૈક્ષણિક બોર્ડના પરીણામ જાહેર કરવામાં આવી રહ્યા છે. જ્યારે યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શૈક્ષણીક સંસ્થાઓમાં પ્રવેશની પ્રક્રિયાનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. ત્યારે બીજી બાજુ ઈન્દીરા ગાંધી ઓપન યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષાનોપ્રારંભ પહેલી જુનથી થશે આ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ અભ્યાસક્રમોની વાર્ષિક પરીક્ષા દેશના કુલ ૮૪૯ કેન્દ્રો પરથી તબક્કાવાર પહેલેથી ૨૭ જુન દરમિયાન લેવામાં આવશે આ પરીક્ષાઓ માટે દેશભરમાં ઈન્દીરા ગાધી ઓપન યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો ખાતેથી કુલ ૪,૮૪,૮૩૬ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જેઓ પોતાની પરીક્ષાની હોલ ટીકીટ ઈન્દીરા ગાંધી ઓપન યુનિવર્સિટી (ઈગ્નુ)નું વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકશે આ ઉપરાંત જે વિદ્યાર્થીઓ પાસે હોલ ટીકીટ હશે તેમજ પરીક્ષા કેન્દ્રો ઉપર ઈગ્નુ દ્વારા મોકલવામાં આવેલ યાદીમાં તે વિદ્યાર્થીનું નામ હશે તો જ તેમને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે આ ઉપરાંત પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓએ પોતાના આઈડેન્ટી કાર્ડ વગરનાં વિદ્યાર્થીઓને પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહી ઉલ્લેખનીય છે કે ઈન્દિરા ગાંધી નેશનલ યુનિવર્સિટી દેશભરમાં વિદ્યાર્થીઓ માટે વેકેશન કોર્ષ માટે પ્રથમ પસંદગી છે જેમાં અમદાવાદ સહીત રાજય ભરમાં વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં જોડાયેલા છે ત્યારે પહેલી જુનથી શરૂ થતી ઈગ્નુનિ વાર્ષિક પરીક્ષામાં ગુજરાતમાંથી પણ ૩૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે.

યુનિ. પ્રવેશ પ્રક્રિયાની માહિતી એસએમએસથી મળી શકશે

આજથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી શકાશે : ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે એસએમએસ દ્વારા વાલીઓ અને વિદ્યાર્થીઓને માહિતગાર કરવાનો નિર્ણય

અમદાવાદ, તા.૨૯

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે સતત બીજા વર્ષે ઓનલાઈન સેન્ટ્રલાઈઝડ પ્રવેશ પ્રક્રિયાની મદદથી બી.કોમ, બીએસસી, બીબીએ, બીસીએ સહીતની વિધાશાખાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવનાર છે. ત્યારે ગત વર્ષ વિદ્યાર્થીઓને પડેલ મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે એસએનએસ દ્વારા વાલીઓ અને વિદ્યાર્થીઓ ને માહિતગાર કરવાનો નિર્ણય લેવાયો છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓને ક્યાં પ્રવેશ મળ્યો છે અને તે કોલેજની પ્રથમ સત્રની અંગેના ધોરણે વિશે વાલીઓને એસએમએસથી માહિતી આપવામાં આવશે.

પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરીણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરીણામ આવતીકાલે જાહેર થવાનું છે. આ સાથેજ આવતીકાલથી ગુજરાત યુનિવર્સિટી સલગ્ન સાયન્સ, કોર્મસ, બીબીએ અને બીએએ વિધાશાખાઓની કોલેજોમાં પ્રવેશ માટે ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પણ પ્રારંભ થઈ જશે. ચાલુ વર્ષે પણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ઓનલાઈન સેન્ટ્રાલાઈઝડ પ્રવેશ પદરતીનો ઉપયોગ કરવામાં આવનાર છે. ત્યારે ચાલુ વર્ષે આ પ્રવેશ પ્રક્રિયા અંગે વિદ્યાર્થીઓને કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને મોબાઈલ ઉપર માહિતી આપવામાં આવશે.

જેમાં વિદ્યાર્થીએ ભરેલ ફોર્મ પૈકી ફાઈનલ મેરીટના આધારે વિદ્યાર્થીને કઈ કોલેજમાં પ્રવેશ મેવ્યો છે. કોલેજનું સત્ર ક્યારે શરૂ થશે પ્રથમ સત્રની ફી કેટલી છે તેમજ કેટલા સમય સુધી ફી જમા કરાવવાની છે વગેરે માહીતી એસએસએસથી આપવામા આવશે ઉલ્લેખનીય છે કે ઓનલાઈન પ્રવેશ પદરથી હજી નવી હોવાથી વિદ્યાર્થીઓને તેમાં સમસ્યાનો સામનો કરવો પડતો હોવાની ફરીયાદો ગુજરાત યુનિવર્સિટીને ધ્યાને આવી છે. જે બાબતને ધ્યાનમાં રાખી ચાલુ વર્ષે ગુજરાત યુનિવર્સિટી દ્વારા અલગ અલગ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા માગદર્શન સેમીનારોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે હવે પ્રવેશ પ્રક્રિયા સંબંધી તમામ માહિતી વિદ્યાર્થીઓને એસએમએસથી આપી દેવાથી વિદ્યાર્થીઓને રાહત થશે તેવું મનાઈ રહ્યું છે.

સે-૧ ખાતે નિઃશુલ્ક ધ્યાન યોગ શિબિર

ગાંધીનગર, તા.૨૯

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર અને શ્રી ગાયત્રી શકિતપીઠ દ્વારા તા. ૧-૬-૨૦૧૫ થી તા. ૧૦-૬-૨૦૧૫ સુધી શ્રી ગાયત્રી શકિતપીઠ, સે-૧ ખાતે સવારે ૭-૦૦ કલાક થી ૮.૧૫ કલાક દરમિયાન યોગ-ધ્યાન શિબિરનું આયોજન કરેલ છે. યોગાસન, પ્રાણાયામ, ધ્યાન ઉપરાંત યોગ દ્વારા તણાવ નિયંત્રણ, સાચુ શ્વસન, વિવિધ બિમારીઓમાં ઉપચાર માટે તથા રોકવા માટેના આસનો, પ્રાણાયામ, શારીરિક-માનસિક આરોગ્ય વિગેરેનું પ્રશિક્ષણ અપાશે. શિબિરનો લાભ લેવા નગરજનોને જણાવવામાં આવ્યું છે.

શહેરના સેક્ટર-૧૩માં રહેતા ભરતભાઈ સોની અને કુસુમબેન સોનીની દોહિત્રી કુ. કશ્વી સોનીનો આરંગેત્રમ કાર્યક્રમ અમદાવાદના ટાગોર હોલમાં યોજાયો હતો. કુ. કશ્વી ધોરણ-૬માં અભ્યાસ કરે છે. અને નૃત્ય ભારતી સંસ્થામાં ચંદન ઠાકોરના માર્ગદર્શન હેઠળ આરંગેત્રમકળા પ્રાપ્ત કરી છે. કુ. કશ્વીએ ઉપસ્થિત સૌ કોઈને પોતાની કળાથી મંત્રમુગ્ધ કર્યા હતા.

હરિની દૃષ્ટિ...

આ વાંચ, મનની વાત આપણાં ભાગે, અને ધનની વિદેશીના ભાગે...!!

શેઠ સી.એમ. હાઈસ્કૂલની દિશાએ ૯૯.૬૮ પર્સન્ટાઈલ મેળવી સમાજનું ગૌરવ વધાર્યુ

ગાંધીનગર, તા. ૨૯

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૪નું પરિણામ જાહેર થઈ ગયું છે. ત્યારે શેઠ સી.એમ. હાઈસ્કૂલ સેક્ટર-૨ ૩માં અભ્યાસ કરતી દેસાઈ દિશા ઈશ્વરભાઈએ ૯૯.૬૮ પર્સન્ટાઈલ રેન્ક મેળવી શાળા અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

દિશાએ કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી હોતો તે ઉક્તિને ચરિતાર્થ કરી છે. દિશાએ ધોરણ-૧૨ સાયન્સમાં ૯૫.૬૬ ટકા અને ગુજકેટમાં ૧૧૫/૨૧૦ ગુણ મેળવ્યા છે. દિશા હવે મેડીકલ ક્ષેત્રે ઝળહળતી કારકિર્દી બનાવવા ઈચ્છે છે. ડૉક્ટર બની ગરીબોની સેવા કરવા જણાવ્યું હતુ.

અનુસૂચિત જનજાતિની આશ્રમ શાળાઓ છાત્રાલયોની નિભાવ ગ્રાન્ટમાં ૫૦ ટકાનો વધારો

ગાંધીનગર, તા. ૨૯

રાજયના પછાત વર્ગોના શૈક્ષણિક ઉત્કર્ષ અને વિકાસ માટે રાજય સરકાર કટિબદ્ધ છે. જેના ભાગરૂપે રાજયના આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયો, આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં રહીને અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ નિભાવ ગ્રાન્ટ માસિક રૂ.૧,૦૦૦/- આપવામાં આવતી હતી, જેમાં રૂ.૫૦૦/-નો વધારો એટલે કે ૫૦ ટકાનો વધારો કરીને માસિક રૂ.૧,૫૦૦/- કરવામાં આવી છે. આ વધારો છાત્રાલયમાં એપ્રિલ-૨૦૧૫થી અને આશ્રમશાળાઓ, ઉત્તર-ઉચ્ચતર બુનિયાદી આશ્રમશાળાઓમાં વર્ષ-૨૦૧૫-૨૦૧૬ના નવા શૈક્ષણિક સત્રથી લાગુ કરવાનું નક્કી કરાયું છે, તેમ નાયબ કમિશનર, આદિજાતિ વિકાસ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

ગાંધીનગર જિલ્લાના વાહનોમાં એચ.એસ.આર.પી. નંબર પ્લેટ ખરાબ થઈ ગયેલી બ્લેક ફોઈલ વિનામૂલ્યે લગાવી આપશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના નવા-જૂના વાહનોમાં અગાઉ લગાવવામાં આવેલ એચ.એસ.આર.પી. નંબર પ્લેટ ઉપર લગાવેલી બ્લેક ફોઈલ (બ્લેક કલર) કોઈ કારણસર નીકળી ગયો હોય તો સોમ થી શુક્ર દરમિયાન સંબંધિત આર.ટી.ઓ./ એ.આર.ટી.ઓ. કચેરીમાં અગાઉથી ઓનલાઈન નોંધણી કરાવીને એચ.એસ.આર.પી. કાઉન્ટર ઉપર સંપર્ક કરીને ફી ચૂકવ્યા વગર વિનામૂલ્યે નંબર પ્લેટ ઉપર બ્લેક ફોઈલ લગાવી આપવામાં આવશે.

આ વ્યવસ્થા એફ.ટી.એ. એચ.એસ.આર.પી. કંપની દ્વારા નીચે મુજબની પદ્ધતિ -માણે હાથ ધરવામાં આવશે. જેમાં વેબસાઈટ www.hsrpgujarat.com ઓપન કરી એપોઈન્ટમેન્ટ ફોર HSRP ફીટમેન્ટમાં જ Other Service Related Appointment માં જવાનું રહેશે. તમારી સંબંધિત આર.ટી.ઓ. ઓફિસ સિલેકટ કરવાની રહેશે. ત્યારબાદ વાહનનો રજિસ્ટ્રેશન નંબર નાખવો, બાદમાં આપને જે દિવસની અને સમયની એપોઈન્ટમેન્ટ લેવાની હોય તે સિલેકટ કરવાની રહેશે. જાહેર રજા, રવિવાર તથા તહેવારના દિવસે રજા રહેશે.

ફક્ત બ્લેક ફોઈલના કારણે ખરાબ થયેલી નંબર પ્લેટને જ ફરીથી બ્લેક ફોઈલ કરી આપવામાં આવશે. અન્ય કારણોસર ખરાબ થયેલી પ્લેટ કરી આપવામાં આવશે નહિ જેની વાહન માલિકોએ ખાસ નોંધ લેવા સહાયક -દેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ગાંધીનગર જણાવાયું છે.

વિપત્તિઓથી ડરો નહિ, સામનો કરો

અદબ પલાઠી મોં પર આંગળી
- ડો. સંતોષ દેવકર

રખે કદી તું ઉછીનાં લેતો
પારકાં તેજ ને છાયા,
એ રે ઉછીનાં ખૂટી જશે
ને ડી જશે પડછાયા !

મોડાસાના વતની, કવિ અને સ્વાતંત્ર્યસેનાની સ્વ.ભોગીલાલ ગાંધીની ઉપરની પંક્તિઓ પ્રેરણા દાયક છે. માણસની ઈચ્છા હોય કે

ન હોય , છતાં જીવનમાં પરિવર્તનશીલ પરિસ્થિતિઓ આવતી રહે છે. આજે ઉતાર હોય તો કાલે ચઢાવ. ઉપર ચઢેલો નીચે પડે છે અને નીચે પડેલા ઉપર ચઢે છે. રંક કહેવાતા એક દિવસ ધનવાન બની જાય છે. તો ધનવાન નિર્ધન બની જાય છે. જીવનમાં આવા પ્રકારની પરિસ્થિતિઓ આવતિ જતી રહે એ નિયતિ ચકનો સહજ સ્વભાવિક ક્રમ છે. મોટાભાગની વ્યક્તિઓ સુખ, સુવિધા , લાભ , પ્રવૃત્તિ વગેરેમાં પ્રસન્ન અને સુખી રહે છે.પરંતુ દુઃખ, મુશ્કેલી, નુકસાન , વગેરેમાં દુઃખી અને ઉદ્વિગ્ન થઈ જાય છે. આ મનુષ્યના એકાંગી દ્રષ્ટિકોણનું પરિણામ છે અને આ જ કારણે મુશ્કેલી , મુસીબત કષ્ટ વગેરે શબ્દોની રચના થઈ. વાસ્તવમાં માનવજીવનમાં આવતું પરિવર્તન, રાત અને દિવસનું થવું, ઋતુઓનું બદલાવવું, નક્ષત્રોનું ગતિશીલ રહેવું વગેરે જેટલુ મહત્ત્વ પૂર્ણ, સહજ અને સ્વાભાવિક છે. એટલું જ સહજ મનુષ્યના જીવનમાં સુખ અને દુઃખ છે. મુશ્કેલીઓ જીવનની સહજ સ્વાભાવિક સ્થિતિ છે. વિપરિત પરિસ્થિતિમાં કેટલાક લોકો રડતાં હોય છે. તો કેટલાક આવી પરિસ્થિતિને પડકાર સમજી અવસરમાં બદલાવી નાખતા હોય છે. બળવાન મનની વ્યક્તિ મોટી મુશ્કેલીઓને પણ સ્વીકારીને આગળ વધે છે જયારે નિર્બળ મનવાળી વ્યક્તિ જરાસરખી મુશ્કેલીમાં પણ હતાશ થઈ જાય છે.

કસોટીની એરણો ચઢ્યા વગર કોઈ પણ વસ્તુ ઉત્કૃષ્ટતા પામી શકતી નથી કે નથી તેનું કોઈ મૂલ્ય હોતું. પરીક્ષાની અગ્નિમાં તપી ને જ વસ્તુ શક્તિશાળી, સૌંદર્યયુક્ત, પ્રભાવશાળી અને મહત્વપૂર્ણ બને છે. તકલીફો અને મુશ્કેલીઓમાંથી પસાર થયેલ વ્યક્તિ સફળતા પામે છે. અને તેવી વ્યક્તિને મહાનુભાવ કહેવામાં આવે છે. જે અસંખ્ય અનુભવમાંથી પસાર થયેલા છે તે મહાનુભવ.

મુશ્કેલીઓનો ખુલ્લા દિલે સામનો કરવાથી ઈચ્છ શક્તિ પ્રબળ બને છે. અને મોટા મોટા કામો કરવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે. મુશ્કેલીઓમાં મનુષ્યની આંતરિજ શક્તિઓ એકત્રિતાને સંગઠીત થઈને કામ કરે છે. જીવનની કોઈ પણ સાધના મુશ્કેલીઓમાંથી પસાર થવાથી જ પૂર્ણ થાય છે. વિપત્તિઓનુ ખુલ્લા દિલે સ્વાગત કરવાથી સમાજમાં એક આદર્શ ભો કરી શકાય છે. પ્રેરણા તત્વ ભુ કરી શકાય છે. વિપત્તિઓ વાસ્તવમાં બીજું કઈ નથી, માત્ર આપણી પ્રતિકૂળતાઓ છે.

આપણે જે વસ્તુઓની જે પરિસ્થિતિની ઈચ્છા કરીએ છીએ, તે આપણ ને પ્રાપ્ત ન થાય ત્યારે તેને વિપત્તિ કહે છે. વિપત્તિઓ સાહસ સાથે કર્મ ક્ષેત્રમાં આગળ વધવા માટે એક પડકાર છે. મોટાભાગની મુશ્કેલીઓ કાલ્પનિક હોય છે.

આપણે હંમેશા યાદ રાખવું જોઈએ કે વિપત્તિઓ માત્ર નબળા, કાયર અને આળસુઓને ડરાવે, ધમકાવે અને હરાવે છે. દ્રઢ સંકલ્પ વાળી કર્મઠ વ્યક્તિઓ ક્યારેય પોતાના જીવનમાં નિરાશ થતી નથી, લટું તેઓ બીજી નિરાશ અને હતાશ વ્યક્તિઓ માટે પ્રેરણાનું કેન્દ્ર બની જાય છે.

વિપત્તિઓ અને મુશ્કેલીઓ સામે ઝઝૂમવામાં જ આપણો પુરુષાર્થ છે. કોઈ મહત્વ પૂર્ણકામ કરવા ઈચ્છતા હોઈએ તો તેમાં અનેક આપત્તિઓનો સામનો કરવા માટે તૈયાર રહેવું જોઈએ. જેમણે આ રહસ્ય સમજીને ધૈર્યનો આશરો લીધો છે. તેઓને જે સંસારમાં સુખી સમજવામાં આવે છે.

(સૌ.કુપા : પં.શ્રીરામ શર્મા આચાર્ય.)

મિસરી -
વૃક્ષ બની અણનમ ભો
ડરી ગયેથી નવ ચાલે,
સુખને દુઃખના ઝંઝાવાતે,
ધ્રુજી ગયેથી નવ ચાલે,
(ડૉ.પિનાકીન પંડ્યા નો કાવ્ય સંગ્રહ 'અંચળો માંથી)